પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-11-2024 MIDDAY : 2.30 to 2.35pm

Day : TUESDAY Regional News

-------------------

PREZ UT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના પ્રવાસે આવશે. દરમિયાન પહેલા દિવસે તેઓ જમ્પોરમાં પક્ષીગૃહ, દમણમાં સરકારી ઇજનેરી મહાવિદ્યાલય અને નિફ્ટ પરિસરની મુલાકાત લેશે.

બીજા દિવસે શ્રીમતી મુર્મૂ સેલવાસમાં નમો આરોગ્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થાન ખાતે જશે, જ્યાં તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે. શ્રીમતી મુર્મૂ જાંડા ચોક શાળાનું પણ ઉદ્ઘાટન કરશે તેમજ સેલવાસમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે. તેઓ દીવમાં I.N.S. ખુકરી સ્મારકની પણ મુલાકાત લેશે.

----------------------------

Khyati Hospital Death ahmedabad

અમદાવાદની ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલની કથિત બેદરકારીને પગલે બે દર્દીનાં મૃત્યુ થતાં રાજ્ય સરકારે તપાસના આદેશ આપ્યા છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું છે કે આ તપાસમાં તબીબી બેદરકારી જણાશે તો હોસ્પિટલ અને તબીબો સામે ગુનો નોંધીને ધરપકડ કરી જરૂરી કાર્યવાહી કરાશે.

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના બોરીસણા ગામમાં તાજેતરમાં હેલ્થ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. હેલ્થ ચેકઅપ કેમ્પ બાદ દર્દીઓને વધુ

સારવાર માટે અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ ખાતે સારવાર માટે બોલાવવામાં આવ્યા હતા, જેમાંથી બે વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને સાત લોકો હાલ આઇસીયુમાં દાખલ છે. આ સાથે એએમસીની ટીમ પણ તપાસ કરી રહી છે.

દરમિયાન હોસ્પિટલની બેદરકારીના કારણે સ્વસ્થ લોકો મૃત્યુ પામ્યા હોવાના આક્ષેપના પગલે ગ્રામજનોએ વહેલી સવારે હોસ્પિટલ ખાતે પહોંચી તોડફોડ કરી હતી. હોસ્પિટલે પરિવારજનોને જાણ કર્યા વિના જ 19 લોકોની એન્જિયોગ્રાફી અને 7 દર્દીની એન્જિયોપ્લાસ્ટી કરી હતી, જેમાંથી બે દર્દીનાં મૃત્યુ થયા હતા.

આ અંગે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના-PMJAYનાં હેલ્થ મિશન ડાયરેક્ટર ડોક્ટર યુ ટી ગાંધીએ જણાવ્યું હતું કે દર્દીઓને ખરેખર ઓપરેશનની જરૂર હતી કે નહીં તે અંગે નિષ્ણાતો દ્વારા તપાસ કરવામાં આવશે અને જરૂર પડ્યે હોસ્પિટલનું પેમેન્ટ સ્થગિત કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, કસૂરવાર ડોક્ટરો અને હોસ્પિટલ વિરુદ્ધ કડક પગલાં ભરવામાં આવશે.

---------------------------

ACCIDENT

વલસાડ જિલ્લાના કપરાડાના મંડવા ગામે આજે બસ પલટી જતાં અકસ્માત સર્જાયો છે, જેમાં એકનું મોત થયું છે, જ્યારે 30 થી વધુ મુસાફરો ઇજાગ્રસ્ત થયા છે.

શિરડી સાંઈ બાબા મંદિરથી યાત્રાળુઓ ભરેલી બસ સુરત પરત આવી રહી હતી, એ સમયે કપરાડાના મંડવા ગામ પાસે કુંભ ઘાટ નજીક ડ્રાઇવરે બસ પર કાબુ ગુમાવતા બસ પલટી થતાં આ ઘટના બની હતી. ઇજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

તો બીજી તરફ તાપીના સોનગઢ તાલુકાના સિનોદ ગામમાં ખાનગી ટ્રાવેલ્સની એક બસ મધ્ય રાત્રીએ પલટી જતા એક મુસાફરનું મોત થયું છે. રાત્રી દરમિયાન બસ ચાલકે સ્ટેયરિંગ પર કાબૂ ગુમાવતા બસ પલટી ખાઈ ગઈ હતી. આ બસ મહારાષ્ટ્રથી અમદાવાદ જઈ રહી હતી, દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો, જેમાં 18 જેટલા મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે એકનું મોત થયું છે.

-----------------------------------

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

....................................

CM Vadnagar-Tana-RiRi Awards

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગરમાં શાસ્ત્રીય સંગીતની બે પ્રતિભાઓનું તાના-રીરી એવોર્ડથી ગૌરવ સન્માન કર્યું હતું. મહારાષ્ટ્રનાં વિદુષી પદ્મા સુરેશ તળવલકર અને અમદાવાદના ડૉક્ટર શ્રીમતી પ્રદિપ્તા ગાંગુલીને અઢી લાખની પુરસ્કાર રાશિ, તામ્રપત્ર તથા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

ગઇ કાલે તાના-રીરી મહોત્સવના આ બીજા દિવસે શશાંક સુબ્રમણ્યમનું બાંસુરીવાદન તથા પાર્થિવ ગોહિલ અને કલા વૃંદની લોકકલા રજૂ કરવામાં આવી હતી. સંસ્કાર ભારતી દ્વારા આજે તાનારીરી નૃત્ય નાટીકા પ્રસ્તુત કરાશે. સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના  નૃત્ય સંયોજક ડોક્ટર સ્મૃતિ વાઘેલા તેમજ લોક સંગીતના કલાકારો કુલદીપ ગઢવી. મિત ગઢવી અને વિશ્વા કુંચાલા સહિતની ટીમ આ નૃત્ય નાટીકા રજુ કરશે.

દરમિયાન, મહેસાણા જિલ્લાની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ ગઈકાલે વડનગર ખાતે નિર્માણાધીન પુરાતત્વ મ્યુઝીયમની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વડનગરમાં બાળપણમાં જે શાળામાં શિક્ષણ મેળવ્યું હતુ તે સ્કૂલ પરિસરમાં નિર્માણ પામેલી પ્રેરણા સ્કૂલની પણ મુલાકાત લીધી હતી.

--------------------------

## Somnath Kartik Purnima Mela

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાન્નિધ્યમાં કાર્તિકી પૂર્ણિમાના મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. સદભાવના ગ્રાઉન્ડ ખાતે લોકસંસ્કૃતિ, આધ્યાત્મ અને મનોરંજનના ત્રિવેણી સંગમ તરીકે જાણીતા કાર્તિકી પૂર્ણિમાના મેળાના પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેવાયત ખવડ અને બિરજુ બારોટે લોકસાહિત્ય તેમજ લોકગીતની પ્રસ્તુતિ રજૂ કરી હતી. 'સોમનાથ મહોત્સવ-૨૦૨૪' અંતર્ગત આજે અપેક્ષા પંડ્યા-ચિરાગ સોલંકી, આવતી કાલે કિર્તીદાન ગઢવી, ગુરૂવારે રાજભા ગઢવી અને શુક્રવારે માયાભાઈ આહિર અને જાહલ આહિર લોકસાહિત્ય અને લોકગીત રજુ કરશે.

---------------------------

## Adivasi Hastkala Mela

આદિવાસી સમાજજના ક્રાંતિકારી લડવૈયા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે ૧૫ થી ૧૯ નવેમ્બર દરમિયાન 'પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વન ઔષધીય વેચાણ અને પ્રદર્શન મેળો યોજાશે. આ મેળામાં અંબાજીથી ઉમરગામ સુધીનો આદિવાસી વિસ્તાર ધરાવતા ૧૪ જિલ્લાના હસ્ત કલાકારો તેમની ભાતીગળ હસ્તકલા-કૃતિઓને પ્રદર્શિત કરશે.

ઉલ્લેખનીય છે કે 15 નવેમ્બરને દેશભરમાં જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે આદિજાતિ વિકાસ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાંધીનગર દ્વારા આ મેળો યોજાશે.

નાગરિકો આ મેળાની બપોરે ૨ થી રાત્રિના ૧૦ કલાક સુધી મુલાકાત લઇ શકશે. ઉપરાંત દરરોજ રાત્રે સાડા આઠ થી સાડા નવ વાગ્યે પ્રસિદ્ધ આદિવાસી નૃત્ય કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

---------------------------